

ખેડબ્રહ્મામાં ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાયત્રી મંદિર-સોમનાથ મહાદેવ મંદિર તથા સ્વામીનારાયણ મંદિર ખાતે વિવિધ ધાર્મિક આયોજન કરવામાં આવ્યા હતાં. ગાયત્રી મંદિર ખાતે બહુકુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડબ્રહ્મા પાલિકાના ઉપપ્રમુખ હીતેષભાઈ એમ. દિક્ષિત, ડૉ. અશ્વિનભાઈ ગઢવી, પ્રકાશભાઈ જે. મિસ્ત્રી, કપીલભાઈ પટેલ તથા ભાવેશભાઈ કે. સુથાર સહીત અન્ય ભાવિક ભકતોએ ધર્મલાભ લીધો હતો. ગુરૂપૂર્ણિમા નિમિત્તે ખેડબ્રહ્માના નાના અંબાજી મંદિર તથા વરતોલના ચામુંડા માતાજી મંદિર ખાતે માઈભકતોની ભીડ જોવા મળી હતી. ખેડબ્રહ્મામાં પૂરતો પોલીસ બંદોબસ્ત હોવા છતાં ટ્રાફીક જામના દૃશ્યો સર્જાયા હતાં. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# નબળી નેતાગીરીને કારણે રેલ બજેટમાં પાટણને હળહળતો અન્યાય

## પાટણ-ભીલડી, પાટણથી મુંબઈ મહેસાણા, હારીજ, રાધનપુર રેલ લાઈન ચાલુ કરવા માંગ

પાટણ, તા.૧૩

રેલ બજેટ સામે ઉત્તર ગુજરાત અને પાટણની જનતા ખુબ જ અપેક્ષા રાખી બેઠી હતી પણ પાટણ જિલ્લાને અને સમગ્ર ઉત્તર ગુજરાતને ડિંગો બતાવી રેલવે તંત્રએ પાટણ જિલ્લાને ઘોર અન્યાય કરેલ છે. દેશના વડાપ્રધાન ગુજરાતના નરેન્દ્ર મોદીની ભાજપની સરકારના પણ આ પંથકને અન્યાયથી પ્રજામાં કેન્દ્ર સરકાર સામે નિરાશા વ્યાપી જવા પામી છે.

પાટણ-મુંબઈ રેલવે સુવિધા, પાટણ-અમદાવાદ વધુને વધુ એકસપ્રેસ ટ્રેન માટે છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતથી આ વિસ્તારની પ્રજાની જોરદાર માંગ છે. પણ બજેટમાં બુલેટ ટ્રેન સિવાય કંઈ નવું નથી દેખાતું 'અચ્છે દિન આનેવાલે હૈ'ની અપેક્ષાના સ્થાને 'બુરે દિન આયાની પ્રતિતી' થઈ રહી છે. એક તરફ ૧૪ ટકા ભાડા વધારાએ પ્રજાની કેડ ભાંગી નાખી છે. પાટણ-અમદાવાદ જનારાઓ માટે કોઈ સુવિધાઓ નથી, પુરતી ટ્રેનો નથી. વર્ષોથી પ્રજા પાટણ-અમદાવાદ વચ્ચે સીધી ઝડપી ટ્રેનો માંગી રહી છે. પાટણને રાણકીવાવના ઐતિહાસિક મદ્દે વર્લ્ડ હેરીટેજમાં સ્થાન વિશ્વવિરાસતનું મળ્યું છે. પણ પાટણથી ભીલડી રલવે બ્રોડગેજ લાઈનનું કામ પુરાતન ખાતા અને રેલવે તંત્રની રાણકીવાવના પ્રશ્ને હાલ આ કામ ખોરંભે પડયું છે. લોકોને સસ્તી પડે છે. જે પાટણ ભીલડી-રાજસ્થાન અને દિલ્હી દરબારને જોતો આ અગત્યની રેલ્વેલાઈન માટે આ બજેટમાં હરફ સુધ્ધા ઉચ્ચારવામાં આવેલ નથી. સંસદ સભ્યની નબળાઈ કહો કે તેમના રજુઆતનો અભાવ કહો પણ આ પ્રશ્ને નિષ્ફળ નિવડયા છે. ભાજપની સરકાર છે. ૨૬ સાંસદ ભાજપના ચુંટાયેલ છે.

પ્રજાએ 'અચ્છે દિન'ની આશાએ ખોબલે ભરી વોટ આપેલ છે. પણ પ્રથમ રેલવે બજેટમાં પાટણ જિલ્લાને હળહળતો અન્યાય કરવામાં આવેલ છે. મહેસાણા-હારીજ રેલવેલાઈન ૧૦૦ વર્ષથી ચાલતી હતી. જે ૨૦ વર્ષથી સરકારે બંધ કરેલ છે. મહેસાણાથી હારીજ સુધી આ રેલવેલાઈન જમીન પડેલ છે. રેલવેસ્ટેશનો મોજુદ છે. પણ આ રેલવેને ચાલુ કરવામાં વારંવાર રજુઆતો કરવા છતાં કેન્દ્રના રેલવે ખાતાએ કે કોઈ સાંસદ દ્વારા આજ સુધી રેલવે ચાલુ કરાવવામાં સફળ થયેલ નથી. અને જયારે હારીજ અત્યારે ઔદ્યોગિક ક્ષેત્રેહરણફાળ ભરી રહેલ છે. ૪૦ ઉપરાંત જિનો છે. ઈન્ડસ્ટ્રીઝ એરિયામાંથી કપાસની ગાંસડીઓની ચીન, કલકત્તા, મુંબઈ, દિલ્હી, મદ્રાસ સુધી નિકાસ થાય છે પણ રેલવેની સુવિધા વિના જિનર્સ માલિકો ઘણી તકલીફો ભોગવી રહ્યા છે. મહેસાણા હારીજ શંખેશ્વરથી રાધનપુરથી કચ્છ સુધી રેલવેલાઈની ૨૫ વર્ષની માંગણી છે અને નિકાસ, આયાત અને દેશના સંરક્ષણ માટે ખુબ જ અગત્યની સાબિત થઈ શકે તેમ છે. આજ સુધી નિષ્ફળ નિવડેલ છે. હાલ ગુજરાતે ભાજપના ૨૬ સાંસદોની ભેટ આપેલ છે. વધુમાં ગુજરાત સરકાર પણ ભાજપની છે. મુખ્યમંત્રી ૧૫મી ઓગ્ષ્ટના રોજ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવા સચિવાલય સહિત પાટણમાં આવી રહ્યા છે ત્યારે આ પંથકની પ્રજાના રેલવેના આ પ્રશ્નો ઉકેલવા અને તાકીદે કેન્દ્ર પાસે હકારાત્મક નિર્ણય લેવડાવવા સફળ થશે તેવી અપેક્ષા.



પ્રાંતિજ સહિત આસપાસના પંથકમાં હાલ લીલાછમ તથા ઘટાદાર વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે અને આ પ્રવૃત્તિએ ભારે માજા મુકી છે. લાકડા ખાઉ કોન્ટ્રાક્ટરો અધિકારીઓના આશીર્વાદથી તગડી કમાણી કરી રહ્યા છે. આ સમગ્ર મામલે તાલુકા વહીવટીતંત્ર અને વન વિભાગ સબસલામતનું ગાણુ ગાઈ રહ્યા છે. (સંજય રાવલ)

## હિંમતનગરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા મેઘરાજાને રીઝવવા નમાજ અદા કરી

રાજ્યમાં મોડે મોડે વરસાદ શરૂ થઈ ગયો છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં હજુ પણ મેઘરાજાની પધરામણી નથી તેને લઈને આમ લોકો અને ખેડૂતો ચિંતિત છે ત્યારે હિંમતનગરમાં રવિવારે મુસ્લિમ બિરાદરો દ્વારા પવિત્ર રમજાન માસમાં હાજીપુરા ખજૂરી મસ્જીદથી ચાલતા દુઆઓ કરતા ખુલ્લા પગે અને માથે નીકળ્યા હતા અને મહેતાપુરા નજીક આવેલ ગંજ શોહદા કબ્રસ્તાનમાં જઈને મેઘરાજાને રીઝવવા નમાજે ઈસ્તસ્કા અદા કરી હતી જેમાં એમના પૂર્વજો અને અલ્લાહને આજીજી કરીને વરસાદની માંગણી કરી હતી.

### હિંમતનગરમાં ૪૪ મીમી વરસાદ

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરમાં શનિવારે સાંજે અચાનક વીજળી સાથે વરસાદ પડતા નગરના માર્ગો પર પાણી વહેવા લાગ્યું હતું. આ અંગે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલથી જાણવા મળ્યા મુજબ વિજયનગરમાં ૪૪ મીમી એટલે કે પોણા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. ઉપરાંત ખારીબેડી ગામે વીજળી પડતા એક બળકનું મોત થયું હતું. જ્યારે કાલીબેન રામાભાઈ ખરાડી અને મંજુલાબેન મુળાભાઈ ખાડી બંને મહિલાને પણ વીજળી પડતા તેની અસરને કારણે તાત્કાલિક હિંમતનગર સિવિલમાં સારવાર અર્થે શનિવારે મોડી સાંજે દાખલ કરવામાં આવી હતી.

## અરવલ્લી જિલ્લાની શાળાઓમાં કમ્પ્યુટર અને વાસણો ચોરતી ગેંગનો સૂત્રધાર ઝડપાયો

મોડાસા, તા. ૧૩

મોડાસા સહિત જિલ્લાભરની સરકારી પ્રાથમિક શાળાઓમાંથી મધ્યાહન ભોજનના વાસણો તેમજ ઈલેક્ટ્રોનિક સીસ્ટમ ચોરતી ગેંગના મુખ્ય સૂત્રધારને અરવલ્લી એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડ્યો હતો અને આરોપી પાસેથી મોટા પ્રમાણમાં મુદ્દામાલ કબજે કરી વધુ પુછપરછ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાળકોના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં આપવામાં આવેલ કોમ્પ્યુટર, એલ.સી.ડી. તેમજ મધ્યાહન ભોજનના વાસણોની ચોરી કરતી ગેંગ થોડા સમયથી અરવલ્લી જિલ્લામાં તેમજ આસપાસના ગામડાઓમાં તરખાટ મચાવી દીધો હતો અને જિલ્લા પોલીસના નાકે દમ કરી નાખ્યો હતો. ઉનાળા વેકેશન દરમિયાન પ્રાથમિક શાળામાં અવરજવર ન હોવાથી ચોરી કરવી સહેલી બની ગઈ હતી. જેથી આ ગેંગે આ વર્ષે અરવલ્લી જિલ્લામાં ૨૦ થી વધુ ચોરીઓ કરી હતી. આ ચોરીના પડઘા છેક ગુજરાત રાજ્ય પ્રાથમિક વિભાગના સચિવના કાન સુધી પહોંચતા અરવલ્લી જિલ્લા પોલીસ સક્રીય બની હતી અને જિલ્લા પોલીસના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમે સઘન શોધખોળ હાથ ધરી હતી. દમિયાન આજે જિલ્લા પોલીસની ટીમને મોટી સફળતા મળી હતી. પોલીસે શાળાઓમાં ચોરીઓ કરતી ગેંગના મુખ્ય સૂત્રધાર સાદીક ઉર્ફે ભૂલો સફીભાઈ મુલતાનીને ઝડપી પાડયો હતો. પોલીસ આરોપીની પૂછપરછ કરતા આરોપીએ પોલીસ સમક્ષ ૩૦ થી વધારે ગુના કર્યાની કબુલાત કરી હતી. પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં ઘન કચરાના નિકાલ પ્લાન્ટો વિવાદ

## મનાઇ હુકમની અવગના અને કોર્ટ તિરસ્કારની રજૂઆત

ડીસા, તા. ૧૩

ડીસા શહેરમાંથી દૈનિક ધોરણે એકત્ર થતા ઘન કચરાના નિકાલ બાબતે વર્ષોથી ગુંચવાયેલું કોકડું



ઉકેલી પાલિકા ની માંગની એ થોડા વર્ષો અગાઉ જુનાડીસા ગામની જમીન માં કરોડો નાં ખર્ચે એક ડમ્પિંગ સ્ટેશન ઉભું કરાયું હતું, જોકે જુનાડીસા ગ્રામજનો એ અનેકો મુદ્દે તેમના ગામમાં ઉભા કરાયેલા આ ડમ્પિંગ સ્ટેશન નો વિરોધ કરી કાયદા નો સહારો લઈ મહેસુલ સચિવ માં વિવાદી અપીલ દાખલ કરી આ જગ્યા એ મૂળભૂત સ્તીથી જાળવી રાખવા નાં આદેશ સાથે નો મનાઈ હુકમ મેળવ્યો હતો, જોકે તાજેતર માં પાલિકા દ્વારા અહી નવીન બોર નું કામ ચાલુ કરતા ગ્રામજનો એ વિરોધ નોધાવી તપાસ ની માંગ કરેલ છે.

બનાસકાંઠા નાં ડીસા માં શહેરના વિસ્તાર અને વિકાસના વૃધ્ધી સાથે વસ્તીમાં પણ વધારો થઈ રહ્યો છે. ડીસાની હાલમાં આશરે દોઢ લાખથી વધુની વસ્તીના -માણમાં દૈનિક ૮ થી ૧૦ ટન જેટલો ઘન કચરો એકત્ર થાય છે. પાલિકા દ્વારા હાલમાં ઘન કચરાના નિકાલની વ્યવસ્થા માં શહેરના વિવિધ ૧૨ વોર્ડો માં એકત્ર થતો કચરો ટ્રેકટરો ,રિક્ષાઓ મારફતે જુનાડીસા ગામે આવેલી ડમ્પીગ સાઈટ પર લઈ જવાય છે.જોકે આ ડમ્પિંગ સ્ટેશન માં પાલિકા એ તાજેતર માં નવીન બોર નું કામકાજ ચાલુ કરતા ગ્રામજનો ઉશ્કેરાયા હતા અને આ ડમ્પિંગ સ્ટેશન માં મૂળભૂત સ્તીથી જાળવી રાખવા નાં આદેશ સાથે નો ગુજરાત રાજય મહેસુલ સચિવ વિવાદ નાં મહેસુલ સચિવ દ્વારા મનાઈ હુકમ ફાળવાયેલો છે અને આ મનાઈ હુકમ હાલ ની વર્તમાન પરીસ્તીથી અમલમાં હોવાનું જણાવ્યું હતું,અને આ નવીન બોર નું કામ શરુ કરાતાં ડીસા નગરપાલિકા નાં ચીફ ઓફિસરે પોતાની ફરજ માં નિષ્કાળજી દાખવી જાણી જોઈ મહેસુલ સચિવ ની કોર્ટ નાં હુકમ ની અવગણના કરી કોર્ટ તિરસ્કાર નો દંડ અને સજાપાત્ર અપરાધ કરેલ છે તેવું ફરિયાદી હાજી યાસીન એચ, ચોહાણ રહે, જુનાડીસા વાળાઓ એ જણાવ્યું હતું,

આ વિવાદ વચ્ચે ની સ્તીથી જોઈએ તો ડીસા શહેરમાંથી નીકળતાં હજારો ટન ઘન કચરાના નિકાલ માટે પાલિકાની માંગણી પરત્વે જિલ્લા કલેકટર દ્વારા જે-તે સમયે ડીસા પાલિકાને અગાઉ જુનાડીસા ગામે ગંગાજી વ્હોળામાં સર્વે નં.- ૭૨૭ પી-૧ પૈકીની ૧૦ એકર જમીન ફાળવવામાં આવી હતી. જેમાં ડીસા પાલિકાએ ગુજરાત -દૂષણ નિયંત્રણ બોર્ડના માર્ગદર્શન હેઠળ ઘન કચરામાંથી ખાતર બનાવવા અંગેનો પ્લાન્ટ તૈયાર કરવા સ્વૈચ્છીક સંસ્થા સાથે કરાર કરતાં પ્લાન્ટ તૈયાર કરાયો હતો. જો કે, આ પ્લાન્ટ સામે જુનાડીસાના ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો હતો.અને જુનાડીસા ગ્રામજનો એ તે બાદ આ મામલે જીલ્લા કલેકટર માં આ ડમ્પિંગ સ્ટેશન અન્ય સ્થળે ખસેડવા ની વાત સાથે ફરિયાદ કરી હતી, જોકે જીલ્લા કલેકટરે મહેસુલ સચિવ નાં પુનઃ સમિક્ષા નાં હુકમ સામે તપાસ હાથ ધરી તેમના અને પાલિકા નાં જુનાડીસા ડમ્પિંગ સ્ટેશન ની પસંદગી ને યોગ્ય ઠેરવી હતી, જે બાદ ફરિયાદી એવા હાજી યાસીન એચ, ચોહાણ સહીત નાં છ લોકો એ જમીન મહેસુલ અધિનિયમ ની કલમ -૨૧૧ હેઠળ સામાવાળા એવા કલેકટર બનાસકાંઠા, નાયબ કલેકટર ડીસા ,તેમજ -ાદેશિક અધિકારી ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, પાલનપુર વિરુદ્ધ મહેસુલ સચિવ અમદાવાદ માં વિવાદી અરજી કરી હતી,

જેમાં તાજેતર માં ૨૯-૫-



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

૨૦૧૪ નાં રોજ મહેસુલ વિભાગ વિવાદ નાં સચિવ -ફુલ હર્ષે પોતાના હુકમ માં જણાવેલ કે કલેકટર શ્રી બનાસકાંઠા વાદગ્રસ્ત જમીન પરત્વે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી યથાવત સ્તીથી જાળવવા જણાવવા માં આવે છે.

ડીસા પાલિકા ચીફ ઓફિસર દ્વારા કાયદા ની સ્તીથી અને લીગલ ગ્રાઉન્ડ ચેક કર્યા વિના કોર્ટ તિરસ્કાર નો ચાર્જ લાગે તે રીતે આ નવીન બોર ડમ્પિંગ સ્ટેશન માં બનાવતા જુનાડીસા નાં સ્થાનિક લોકો માં રોષ ફેલાયો છે.જોકે આ ડમ્પિંગ સ્ટેશન માં કચરો નાખવાનું બંધ થાય તો ડીસા પાલિકા રોજનો ૧૦ ટન જેટલો એકઠો થતો કચરો જાહેર દુષણ ન ફેલાય તે રીતે કઈ જગ્યા એ ઠાલવે તે સહુ થી મોટો યક્ષ- છે.

## વડનગર ખાતે સર્વોદય સેવા ટ્રસ્ટ દ્વારા પુજ્ય હિરાબા દર્દ નિવારણ સુવિધા કેન્દ્ર શરૂ

મહેસાણા, તા. ૧૩

સર્વોદય સેવા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા વડનગર નવીન બસ સ્ટેન્ડ નજીક વડાપ્રધાનના માતૃશ્રી હિરાબાના નામે પુજ્ય હિરાબા દર્દ નિવારણ સુવિધા કેન્દ્રની શરૂઆત કરાઈ છે. જેનું લોકાર્પણ રાજયના આરોગ્ય અને વાહન વ્યવહારમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે થયું હતું.

સર્વોદય સેવા ટ્રસ્ટ દ્વારા વડનગરમાં ફીઝીયોથેરાપી કેન્દ્ર સેવાના માધ્યમથી ચલાવવામાં આવે છે. આ ફીઝીયોથેરાપી સેન્ટરમાં લોકો માટે ઉપયોગી એવા બે નવીન અત્યાધુનિક સાધનો સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદ દ્વારા આપવામાં આવ્યા હતા. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદ ૪૦ થી પણ વધારે વર્ષોથી લોકસેવાનું કામ કરી રહી છે. સાદગી, શિસ્ત, સમર્પણ અને ભાવનાના ચાર આધારસ્તંભથી રચાયેલા આ સંસ્થામાં ૨૦થી વધુ પેરામેડીકલ કોર્સ ચલાવવામાં આવે છે. સર્વોદય સેવા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા પણ વડનગરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. વિસામો થકી વૃદ્ધોને સન્માનભેર જીવન સહિત અન્ય સેવાકાર્યો ટ્રસ્ટ દ્વારા થાય છે.

રાજયના આરોગ્ય રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ લાગણી અને સંવેદનાનો છે. દેશના વડાપ્રધાનના પરિવારે સર્વોદય સેવા ટ્રસ્ટ થકી અંધકારમાં દિવો પ્રગટાવવાનું કાર્ય કર્યું છે.આ કાર્યની નોંધ દેશના ઈતિહાસે લેવી પડશે, વડાપ્રધાનનો પરિવાર દેશના સામાન્ય નાગરિકની જેમ રહેતો હોય તે પહેલી ઘટના છે. પુજ્ય હિરાબાના નામનો નિર્ણય કર્યો તે અભિનંદનને પાત્ર છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાટવાડ પાટીયા પાસેથી નેશનલ હાઈવે નં. ૮ પર સાબરદાણનો વેસ્ટ ભરેલી એક ટ્રકમાંથી વિદેશી દારૂની ૬૦૦ પેટી આજે પોલીસે ઝડપી પાડી હતી આશરે રૂપિયા ૨,૩૮,૦૦૦ અને ટ્રકની આશરે કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ સાથે મળીને પોલીસે કુલ રૂપિયા ૪૩૮૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગાંધીનગરની આરઆરસેલ ટીમે આપેલ બાતમી મુજબ ઉદેપુર તરફથી આવી રહેલી સાબરદાણનો દુર્ગંદ મારતો કચરો ભરેલી ટ્રકને પોલીસે ફિલ્મી ઢબે પકડી તેમાં તપાસ કરતા વેસ્ટના થેલાઓમાંથી વિદેશી શરાબની બોટલો મળી આવી હતી. પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે પોલીસે આરોપી નિર્મલજીતસિંઘ બલવીન્દરસિંઘ મજલીન (રહે. ઘેડીબાબા, હરિયાણા) અને સાવનસિંઘની ધરપકડ કરી હતી. સાબરકાંઠામાં સિરામિક ઝોન નજીક દારૂના ધંધા ધમધોકાર ચાલી રહ્યા છે પરંતુ માત્ર પોલીસને તેની જાણ નથી તે બાબતે પ્રજામાં આશ્ચર્ય ફેલાયેલું છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## તલોદના નાગણેશ્વરી મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરાઈ

તલોદ, તા.૧૩

તલોદમાં સ્થિત નાગણેશ્વરી મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વની ભાવિકો દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હજારો ભાવિકોએ શ્રધ્ધાપૂર્વક ગુરૂઓને વંદન કરી ધન્યતા અનુભવી હતી.

તલોદ મઠ વિસ્તારમાં આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ નાગણેશ્વરી માતાજી મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વે મહંત જીભુસિંહનું કંકુ તિલક કરી આરતી ઉતારી શિષ્યોએ વંદન કરી આશીર્વાદ મેળવ્યા હતા. દર વર્ષની જેમ ગરુવંદના કરી ગુરુ સાક્ષાત્કાર સાથે જાફરસુહેન શેખે યજમાન પદેથી મહાયજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો હતો. આમ આ ધાર્મિક પ્રસંગે કોમી એકતા પણ જોવા મળી હતી. કાર્યક્રમમાં બકાભાઈ પરમાર, જાફર હુસેન, મિલનભાઈ મોદી વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

## પાલનપુર મુકામે બદલી પામનાર કલેક્ટર અને એસ.પી.નો વિદાય સમારંભ યોજાયો

પાલનપુર, તા. ૧૩

માત્ર ફિલ્ડમાં કાર્યરત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા કર્મીઓના જાગૃત સંગઠન ફિલ્ડ રિપોટર્સ પાલનપુર દ્વારા જિલ્લાના બદલી પામેલા વરિષ્ઠ અધિકારી જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાનો વિદાય સમારંભ વડીલ વિશ્રાતી ગૃહ ખાતે યોજાયો હતો. જેમાં બન્ને અધિકારીઓને શાલ ઓઢાડી પ્રશસ્તી પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સરહદી બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર મહેન્દ્ર પટેલની કચ્છ, કલેક્ટર તરીકે બદલી થઈ છે. જ્યારે પોલીસ વડા અશોકકુમાર યાદવની પણ સાણંદ ખાતે બદલી થઈ છે. ત્યારે આ બન્ને વરિષ્ઠ અધિકારીઓના જિલ્લા વિકાસમાં આપેલા નોંધપાત્ર યોગદાન બદલ સન્માનવામાં આવ્યા હતા. વિદાય લેતા કલેક્ટર તથા એસ.પી.ને ફિલ્ડ રીપોટર્સના પ્રમુખ અને વિનોદ સુંદેશા અને મહામંત્રી પ્રકાશ વ્યાસના વરદ્હસ્તે સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

### કકળાટનું ઘર બની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વાત લાયબ્રેરીના કલાર્ક સુધી પહોંચતા રાત્રે કલાર્કે એક વિદ્યાર્થીને લાફો ઝીકી દીધો હતો. આ મામલે ફરીથી હંગામો થયો હતો અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રોષે ભરાઈ ગયા હતા. રોજે રોજની આ માથાકૂટથી કંટાળીને ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ અભ્યાસ પડતો મુકીને લાયબ્રેરી બહાર દેખાવો કર્યો હતો. આખરે સે-૨૧ પોલીસ દોડી આવી હતી અને કલાર્ક સહીત વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. અંતે આ પ્રકરણમાં પણ સમાધાન કરી દેવાયું હતું.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧